Extra No. 84

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] WEDNESDAY, MAY 28, 2008/JYAISTHA 7, 1930

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૦૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧લી એપ્રિલ, ૨૦૦૮ના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીજી-૧૩/૦૮/એસબી.૨/સીઓએમ/૧૦૦૩/એમઓએસ-૨-પાર્ટ-૧, અને (૨) જીજી-૧૪/૦૮/ એસબી.૨/ સીઓએમ/૧૦૦૩/એમઓએસ-૨-પાર્ટ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**જે.આર. ડામોર,**
સરકારના સંયુક્ત સચિવ.

## Notification

***under***

## THE GUJARAT FREEDOM OF RELIGION ACT, 2003

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ હેઠળ જાહેરનામું.**

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૦૮.

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩.**

**ક્રમાંક.જીજી-૧૩/૦૮/એસબી.૨/સીઓએમ/**૧૦૦૩/એમઓએસ-**૨-પાર્ટ ૧** :- ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૨૨મા) ની કલમ ૧ની પેટા- કલમ(૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૦૮ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ નકકી કરે

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી.એન.પટેલ,

સરકારના અધિક સચિવ.

**GUJARAT ACT NO. 22 OF 2003.**

## THE GUJARAT FREEDOM OF RELIGION ACT, 2003.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૦૩ના એપ્રિલ મહિનાની ૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**વી.એમ.કોઠારે,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 22 OF 2003.

*AN ACT*

*to provide for freedom of religion by prohibition of conversion from one religion to another by the use of force or allurement or by fraudulent means and for the matters incidental thereto.*

**સન ૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૨.**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૩ના એપ્રિલ મહિનાની ૮મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

**બળપૂર્વક અથવા લલચાવીને અથવા કપટયુકત સાધનો દ્વારા એક ધર્મમાંથી બીજા ધર્મમાં કરાતા ધર્મપરિવર્તન ઉપર પ્રતિબંધ મૂકીને, ધર્મ સ્વાતંત્ર્ય અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના ચોપનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**
(૨) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- **વ્યાખ્યા**

(ક) "લલચાવવું" એટલે-

(૧) રોકડમાં અથવા વસ્તુરૂપે બક્ષિસ અથવા તોષણ;

(૨) નાણાકીય અથવા અન્યથા કોઈ મહત્વના લાભ આપવાના સ્વરૂપમાં કોઈ પ્રલોભન આપવું;

(ખ) "ધર્મપરિવર્તન કરાવવું" એટલે એક વ્યકિતને એક ધર્મનો ત્યાગ કરાવીને બીજો ધર્મ અપનાવડાવવો;

(ગ) "બળ"માં બળ પ્રદર્શન અથવા દૈવી નારાજગી અથવા સામાજિક બહિષ્કારની ધમકી સહિતની કોઈપણ જાતની ઈજાની ધમકીનો સમાવેશ થાય છે;

(ઘ) "કપટયુકત સાધનો"માં ગેરરજૂઆત અથવા બીજી કોઈ કપટી પ્રયુકિતનો સમાવેશ થાય છે;

(ચ) "સગીર" એટલે અઢાર વર્ષથી નીચેની વયની વ્યકિત.

બળપૂર્વક ધર્મપરિવર્તન કરાવવા ઉપર પ્રતિબંધ.

૩. કોઈપણ વ્યકિત, સીધી રીતે અથવા અન્યથા કોઈ વ્યકિતનું બળપૂર્વક અથવા લલચાવીને અથવા કપટયુક્ત સાધનો દ્વારા ધર્મપરિવર્તન કરાવી શકશે નહિ અથવા કરાવવાનો પ્રયત્ન કરી શકશે નહિ અથવા કોઈ વ્યકિતને આવું ધર્મપરિવર્તન કરવામાં મદદગારી કરી શકશે નહિ.

કલમ ૩ની જોગવાઈઓના ઉલ્લંઘન માટે શિક્ષા.

૪. કલમ ૩ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેવી કોઈ વ્યકિત, કોઈપણ દીવાની જવાબદારીને બાધ આવ્યા સિવાય, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પણ પાત્ર થશે :

પરંતુ કલમ ૩ની જોગવાઈઓનું ઉલ્લંઘન સગીર, સ્ત્રી અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યકિતના સંબંધમાં કરે તેવી કોઈ વ્યકિત, ચાર વર્ષની મુદત સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની પણ શિક્ષાને પાત્ર થશે.

ધર્મપરિવર્તન કરાવવાના સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી પૂર્વ પરવાનગી લેવા બાબત.

૫. (૧) ધાર્મિક વિધિ કરાવનાર વ્યકિત તરીકે, કોઈ વ્યકિતનું એક ધર્મમાંથી બીજા ધર્મમાં, અથવા ધર્મપરિવર્તનની કોઈ વિધિ જાતે કરીને ધર્મપરિવર્તન કરાવે અથવા આવી વિધિમાં સીધી કે આડકતરી રીતે ભાગ લે તેવી વ્યકિતએ, નિયમોથી ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, અરજી કરીને આવું સૂચિત ધર્મપરિવર્તન કરાવવા માટે સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ પરવાનગી મેળવવી જોઈશે.

(૨) જેનું ધર્મપરિવર્તન કરાવવામાં આવ્યું હોય તે વ્યકિતએ, જ્યાં આવા ધર્મપરિવર્તનની વિધિ કરેલ હોય તે સંબંધિત જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને, નિયમોથી ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર અને તેવા નમૂનામાં આવા ધર્મપરિવર્તનની હકીકતની જાણ કરવી જોઈશે.

(૩) પૂરતા કારણ સિવાય, પેટા-કલમો (૧) અને (૨)ની જોગવાઈઓનું પાલન ન કરે, તેવી કોઈ વ્યકિત એક વર્ષની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

જિલ્લા મેજીસ્ટ્રેટની મંજૂરીથી કાર્યવાહી કરવા બાબત.

૬. આ અધિનિયમ હેઠળના ગુનાની કોઈપણ કાર્યવાહી, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તે અર્થે તે અધિકૃત કરે તેવા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા બીજા સત્તાધિકારીની અગાઉથી મંજૂરી લીધા સિવાય શરૂ કરી શકાશે નહિ.

ગુનો પોલીસ અધિકારીનો ગણવા બાબત.

૭. આ અધિનિયમ હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગુનો ગણાશે અને પોલીસ ઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાના હોય તેવા કોઈ અધિકારીથી તેની તપાસ કરી શકાશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૮. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધીમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં ને નિયમો એ રીતે મૂકવામાં આવે અથવા તેની તરત પછીના સત્ર દરમિયાન, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા કાંઈ ફેરફાર કરે તે, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે અમલમાં આવશે.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર



Y-290-2